RESEARCH REVIEW JOURNALS Volume-05 Issue-11 November-2020

ISSN: 2455-3085 (Online)
RESEARCH REVIEW International Journal of Multidisciplinary
www.rrjournals.com[Peer Reviewed Journal]
DOI: https://doi.org/10.31305/rrijm.2020.v05.i11.032

# એક ઝલક : છોટાઉદેપુર જિલ્લાના આદિવાસી સમાજનો ઇંદ ઉત્સવ

રાઠવા સુમિત્રાબેન કુલસિંગભાઈ

પીએચ.ડી સ્કોલર, શ્રી હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી પાટણ

**પ્રસ્તાવના :-**

છોટાઉદેપુર જિલ્લાના રાઠવા આદિવાસીઓ માટે શિયાળાની ફૂલગુલાબી ઠંડીમાં ઠેરઠેર બાબાઇંદનો ઉત્સવ મનાવવામાં આવે છે. છોટાઉદેપુર તાલુકાના જુદાંજુદાં ગામોમાં ઇંદના ઉત્સવ મનાવવામાં આવી રહ્યાં છે ઘણા ગામોમાં ગુજરી એટલે કે બુધવારેના દિવસે ઈંદના માંડવા મન્ડાવામાં આવે છે. જુવારીયો ઇંદ, કરોળિયો ઇંદ, કુવારિયું ઇંદ, આમ આદિવાસી લોકોમાં અલગ-અલગ નામોથી પ્રચલિત ઇંદનો ઉત્સવ મનાવવામાં આવે છે. આ ઉત્સવ ઉજવવા માટે સૌ પ્રથમ ગામ લોકો ભેગા થઈને ફાળો એકઠો કરવાનું નક્કી કરે છે ત્યારબાદ ગામના લોકો નક્કી કર્યા મુજબનો ફાળો ઉઘરાવવામાં આવે છે. આ ફાળો ગામના પુજારાના ઘરે ભેગો કરવામાં આવે છે તેમજ ગામના પટેલ સાથે મળીને કેટલો ફાળો થયો અને ખર્ચ કેટલા થશે આ બધું નક્કી કરે છે. પછી ગામના આગેવાનો બળવા પાસે મંજુરી લેવા જાય છે. અને બળવાને પૂછીને દિવસ નક્કી થાય છે તેમજ ઇંદના ઉત્સવ માટે સામગ્રી અને ઇંદની પૂજા માટે જે સામાન જોઈએ તે લાવવાનું નક્કી કરે છે જેમાં પહેલાં કુંભાર પાસેથી ઘોડા બનાવવા માટેનું કહેવામાં છે. અને એ ઘોડા લાવવામા આવે છે. ત્યારબાદ બડવો, ભુવો, જે માહિતી આપે તે પ્રમાણે દરેક ઇંદની ઉજવણીની વિધિવત પુજા કરવામાં આવે છે. અને બળવો,ભૂવો તેમજ પુજારી,નક્કી કરેલી જગ્યાએ રાજીનું ગાયણું એટલે ખુશીનું ગાયણું કરવામાં આવે છે.

મધ્યપ્રદેશ અને ગુજરાત સરહદી આદિવાસી રાઠવા સમાજના ગામોમાં મોટાભાગના આદિવાસી લોકો સામાજિક સંબંધોને ઋણાનુંબંધન, આદિ-અનાદિકાળથી જોડાયેલા હોય જેથી આવા સામાજિક પ્રસંગોમાં સામસામે આમત્રણ (નોતરું નાખવા) આપવામાં આવતા હોય અને આમંત્રણને માન આપીને વ્યહવારમાં નક્કી કરવામાં આવેલ ભેટ લઈને જવાની પ્રણાલી પણ જળવાય રહી છે. આદિવાસી રાઠવા સમાજમાં જુવારીયો ઇંદ, કરોળિયો, કુવારીયું,પાણગું પૂજવા,પિઠોરો લખવાની સાથે ઇંદ માંડવાનું આયોજન કરવામાં આવે છે.

આદિવાસી ઇંદના ઉત્સવો જાન્યુઆરી/ ફેબ્રુઆરી (ઉતરાયણના મહિનામા) અને મે/જૂન માં (ખાતરીના મહિનામાં) ઉજવવામાં આવે છે. છોટાઉદેપુર જિલ્લાના આદિવાસી વિસ્તારમાં આદિવાસીઓ દ્વારા જુવારીયા ઇંદની અનોખી હર્ષભેર ઉજવણી કરવામાં આવી છે. અને ત્રણ ગામ મળીને ગામસાઈ જુવારીયા ઇંદની આદિવાસીઓ દ્વારા પ્રાચીન પરંપરાગત ઉજવણી કરવામાં આવે છે. દરેક ગામમાં આદિવાસીઓના દેવી-દેવતાઓના દેવસ્થાન હોય છે. આ દેવ સ્થાનની જગ્યા માટે ગામની અલગથી જગ્યા ફાળવવામાં આવેલી હોય છે જે જગ્યામાં સાગના લાકડામાંથી અલગ અલગ દેવો જેવા કે ગામના રક્ષણ માટે માલુંરાણો, કાલુંરાણો,તેમજ ગાયો,બળદ જેવાના રક્ષણ માટે દુધ્યોદેવ,પાલીયાનો ખાતરી, ભાગોળ દેવ,ખેડબાઈ માતા,સીમબોડીયો દેવ,તોરણ દેવ,કાળીયો ભૂત,બાબો ઝેરીયો,ચોટિયા દેવ, વેરઈમાતા જેવા દેવોના દેવસ્થાન હોય છે. આ બધા દેવોની પ્રતીમા રોપીને તેની પૂજા-અર્ચના કરવામાં આવે છે. જેમાં બળવો હોય તે રાજીખુશીનું ગાયણું કરે છે. આ દેવસ્થાનની જગ્યાને માલુંણ તરીકે પણ ઓળખવામાં આવે છે. આદિવાસી વિસ્તારના ગામોમાં જ્યાં દેવો બેસાડવામાં આવે છે. ત્યાં દર પાંચ વર્ષે ગામ લોકો ભેગા મળીને અનાજ અને ફંડ ફાળો એકત્રિત કરી ઇંદનો ઉત્સવ ઉજવવામાં આવે છે.

ઇંદનો ઉત્સવ અને પીઠોરાની ઉજવણી સામાન્ય રીતે એક સરખી જોવા મળે છે. પરંતુ જુદા જુદા પીઠોરાના પ્રકારની ઉજવણી સાથે ઘણા ફેરફાર થતાં જોવા મળે છે. પિઠોરની ઉજવણીએ એક પ્રકારની બાધા પૂરી કરવાની વિધિ છે. એટલે તેની ઉજવણી વિવિધ રીતે રાખેલી બાધા પ્રમાણે થતી હોય છે. તેથી જ તેના વિવિધ પ્રકારો પણ છે અને જુદા જુદા ગામોમાં જુદા જુદા બડવા પ્રમાણે તે જુદી જુદી રીતે ઉજવાય છે. બળવા અને ઘર ધણીની ઈચ્છા મુજબ અને બાધા પ્રમાણે પીઠોરો ઉજવાતો હોય છે.જે નીચે મુજબ છે.

**૧. જુવારીયો ઈંદ :-**



આદિવાસી વિસ્તારમાં જુવારીયા ઈંદની ઉજવણી કરવામાં આવે છે. જેમાં સાત કે નવ પ્રકારના આનાજ ભેગા કરીને વિધિસર જુવારા વાવવામાં આવે છે અને ૦૭ દિવસ પહેલા જુવારા વાવી દેવામાં આવે છે. આ ઉત્સવમાં સાત દિવસ દરમ્યાન દર રોજ સાંજે ગામલોકો ભેગા મળીને ઢોલ-માંદલ વગાળી નાચ-ગાન કરવામાં આવે છે.અને આદિવાસીઓના દેવને રીઝવવા માટે સ્ત્રીઓ દ્વારા ગીતો પણ ગાવામાં આવે છે. તેમજ આદિવાસીઓના પહેરવેશ પેહરી વાંસળી વગાળીને ઝૂમ્ખા થઈને નાચવામાં આવે છે.

આ ઉત્સવમાં વાંસની નવ ટોપલીમાં મકાઈ, ઘઉં, જુવાર, ડાંગર,અડદ,અને મઠ વાવવામાં આવે છે. જુવારીયો ઈંદ ઉજવવાના સમયે ટોપલીમા જુવારા ઉગી છ થી આઠ ઈંચના હોય છે. તેને નવ દિવસ સુધી તેની પૂજા કરવામાં આવે છે અને પાઠ પુજન કરવામાં આવે છે. જેમાં પૂજાના સામાન તરીકે ડાંગર, ઈંડા,બિલિપત્ર અને દેશી મહુડાનો દારૂ, તાડી જેવી વસ્તુઓ મુકવામાં આવે છે. અને ઈંદની શરૂઆત કરી પૂજા કરવામાં આવે છે. ચાર છોકરા-છોકરીઓ ઉપવાસ કરે છે. તેમને લોગણ કેહવામાં આવે છે .એમાં એમણે ઈંદની પૂજામાં સામેલ કરવામાં આવે છે તે છોકરી હોય અને બે છોકરા (લોગણો )હોય છે. દેવને ચડાવવામા ઢેબરા બનાવવામાં આવે છે. ઈંદ ના દિવસે ગામના પુજારા બળવા-ભૂવાઓ સાથે ગામની સીમમાંથી કદમ, કોકડીયા (કડો) ના ઝાડની ૧૦ (દસ) ડાળખી કાપવા બળવાઓ દ્વારા પૂજા કરવામાં આવે છે.અને એ ડાળખીને નીચે પાડવા દેવામાં આવતી નથી. ઢોલ-માદળ સાથે નાચ-ગાન કરતા દેવસ્થાન માં લાવીને મકાઈ, શેરડીના છોડ અર્થાત શેરડીનો છાંઠો (રાળું)ને કદમ અથવા કડાની ડાળખી સાથે રોપીને પૂજા અર્ચના કરવામાં આવે છે. બળવા દ્વારા સીમના તમામ દેવ-દેવતાઓને ગોયણું ગાવીને રીઝવવામાં આવે છે. જે દેવ-દેવતા ન આવતા હોય એ દેવને ગોયણામાં ગાળો પણ બળવા દ્વારા આપવામાં આવે છે. પુજારા અને બળવા-ભૂવાઓ દ્વારા કરવામાં આવતી વિધિમાં મૂંગા ગણાતા પશુ-પંખી, ઝાડ–પાન તેમજ લોકોનાં સુખ માટે ગાયણું ગાવીને દેવ-દેવતાઓની પૂજા-અર્ચના કરવામાં આવે છે અને આખી રાત ઢોલ-નગારા સાથે નાચ-ગાન કરવામાં આવે છે.તેમજ સ્ત્રીઓ દ્વારા ગીતો ગાવીને આદિવાસી દેવી-દેવતાઓને રીઝવે છે.

બાળકો ન થતા હોય કે બાળકો માંદગીમા રહેતા હોય તો ઘર ધણી તેની બાધા તો રાખે છે. પરંતુ તેની ઉજવણી કઈ રીતે કરવી તેનું માર્ગદર્શન મેળવવા માટે તે બળવા પાસે જાય છે. બળવો વિગતે બધું પૂછીને કયા પ્રકારની બાધા રાખવી તેનું સુચન કરે છે. તેમાંનો એક પ્રકાર છે જુવરિયોઈંદ જેને પિઠોરો જ કહેવાય છે. પિઠોરાની ઊજવણીનો ત્રીજો દિવસ જે હમેશાં ગુરુવાર હોય છે ખાખર, સાગના પાનમાં સિંદૂર,કંકુ,ચોખાની પડીકી બનાવી દરેક સગા સંબંધીઓને પડીકીઓ દ્વારા આમંત્રણ આપવામાં આવે છે. અને દરેક સગા-સબંધીને આમંત્રણમાં આપેલ પડીકી સાથે લઈને જુવારીયા ઈંદમાં આવવાનું હોય છે.

જ્યારે પિઠોરો ઉજવાય ત્યારે બુધવારની રાતે ઈન્દ્રરાજની ડાળીઓ આગળ મૂકેલા પાટલા અને માટલા સાથે ટોપલીઓ મૂકવામાં આવે છે. ગુરુવારના દિવસે ઈન્દ્રરાજની ડાળીઓ સાથે જવારાની ટોપલીઓ પણ નદીમાં ઠંડી કરવા માટે પધરાવવામાં આવે છે. આમ, ૭૫ કે ૮૦વર્ષે પેઢી બદલવામાં આવે છે.

**૨. કરોળિયો ઈંદ :-**

ખાસ કરીને આ પીઠોરો બાળકોની માંદગીના સમયે ઘર ધણી દ્વારા બાધા રાખીને ઉજવવામાં આવે છે. આ પ્રકારના પીઠોરામાં સૌથી વધારે ધામ ધૂમ થતી હોય છે. અને ખૂબ જ મોટે પાયે ઉજવણી પણ કરવામાં આવે છે. અને બધા પ્રકારના પિઠોરામાં આ સૌથી વધુ ખર્ચાળ હોય છે.

RRIJM 2015, All Rights Reserved

**૩. કુવરિયો ઈંદ :-**

કુવરિયોઈંદની પણ બાધા રાખવામાં આવે છે. જેમાં પીઠોરો લખવામાં આવતો નથી. પરંતુ તેમાં ઈન્દ્રરાજની પાંચ ડાળીઓ રોપીને મરઘા બકરાનો ભોગ આપવામાં આવે છે. આ પૂજા માટે માત્ર એક જ પાટલો મૂકવામાં આવે છે. બાળક જો છોકરો હોય તો પાટલો ઘરમાં રાખવામાં આવે છે. પરંતુ બાળક જો છોકરી હોય તો પાટલો ડાળીઓ સાથે નદીમા પધરાવવામાં આવે છે. ઘરધણીની આર્થિક પરિસ્થિતિ સારી ન હોય તો બહુ ધામધૂમથી ઉજવણી કરવામાં આવતી નથી. ઓછા ખર્ચમાં થાય તે રીતે સાગા સબંધિઓ નોતરું આપે છે.

**૪. જરખડીયો પીઠોરો :-**

ઘરમાં ભૂતનો વાસ છે કે તેને ભૂત પ્રેત હેરાન કરે છે ત્યારે જરખડીયો અથવા પીઠોરાની બાધા રાખવામાં આવે છે. પીઠોરાના બધાંજ પ્રકારોઓમા જે પિઠોરાનું ચિત્ર દોરવામાં આવે છે તેના મુખ્ય પાંચ ઘોડાના મુખ હંમેશા ડાબી બાજુ હોય છે. પીઠોરામાં જોડાવો પહેલા ઘોડાનો મુખ ડાબી બાજુ હોય છે. બીજા અને ત્રીજા ઘોડાઓના મુખ સામ સામે હોય છે. તે જ રીતે ચોથા અને પાંચમા ઘોડાઓનુ મુખ પણ સામે સામે હોય છે. આ પ્રકારના પીઠોરાઓ ભુતપ્રેત માટે રાખવામાં આવતો હોય છે તેને 'બાબલી ભૂત' 'કેબાંડીભૂત' પણ કહેવામાં આવે છે. બાકીની ઉજવણી બીજા પ્રકારના પીઠોરા પ્રમાણે જ થતી હોય છે.

**૫. કંકુ પિઠોરો :-**

હાલમાં આ પ્રકારના પીઠોરા ખાસ જોવા મળતાં નથી. ઘરધણીની આર્થિક પરિસ્થિતિ સારી ન હોવા છતાં જો બાધા રાખી હોય તો ઓછા ખર્ચમાં ઉજવણી કરી શકે તેના માટે ખાસ આ કંકુપીઠોરા ઉજવવામાં આવતો હતો. બીજા રંગો કરતાં કંકુ સસ્તામાં મળતું હોવાથી ઓછા ખર્ચે પણ પિઠોરા ઉજવણી થઇ શકે. કારણકે રાઠવા કંકુને કકુ કહે છે. અને કકુ પિઠોરા મોટે ભાગે કંકુનો ઉપયોગ કરી ચિત્ર દોરવામાં આવે છે. એટલે આખો પીઠોરો લાલરંગનો દેખાય છે. કદાચ તેથી જ તેને કંકુ કહેવાય છે.

**૬. રાખી પીઠોરો :-**

પીઠોરાનો આ પ્રકાર પણ લુપ્ત થઈ ગયેલ છે. આઝાદી પહેલાં છોટાઉદેપુર એક સ્વતંત્ર રાજ્ય હતું. રાજપૂત રાજાઓ રાજ કરતા હતા. રાજ્યની મોટાભાગની વસ્તી આદિવાસીઓની હતી. અને દરવર્ષે ગામડાઓમાં પિઠોરાની ઉજવણીની શરૂઆત થાય તે પહેલાં લખારાઓ દ્વારા કિલ્લાની દિવાલ ઉપર રાખી પીઠોરો લખવામાં આવતો હતો. બળવો તેની પૂજા પણ કરતો હતો. આ પિઠોરા હંમેશા રક્ષાબંધનના દિવસે જ લખવામા આવતો હતો. તેથી રાખી પિઠોરા કહેવામાં આવે છે.

**૭. પીઠોરાની કથા :-**

ઈન્દ નામનો એક રજા હતો જે રાજાની સાત બહેનો હતી. તેમાંની એક બહેનનું નામ કાળી કોયલ હતું. તે એક દિવસ રાજા ભોજની ભેંસો લઈને આંબાવાડીમાં ચરાવા ગઈ ત્યાં કંદુરાણાએ તેની ઉપર બળાત્કાર કર્યો અને તેને પરિણામે તે ગર્ભવતી થઈ અને તેણે એક પુત્રને જન્મ આપ્યો.

ઈંદ રાજાના ડરથી કાળી કોયલે બાળકને નદીમાં નાંખી દીધો. ઈંદરાજની બીજી એક બહેનનું નામ રાની મોખર હતું . તે નદીએ પાણી ભરવા ગઈ ત્યારે તેને કોઈ બાળકના રડવાનો અવાજ સાંભળ્યો. તે બાળકને ઘરે લઈ આવી. અને તેનું પીઠોરો નામ આપ્યું. જ્યારે પીઠોરો રડવા લાગ્યો. ત્યારે રાણી મોખરે તેને આંકડો,વડ, પીપળાનું દૂધ પીવડાવ્યું.

પિઠોરો મોટો થયો એટલે તેને નિશાળમાં ભણવા માટે મુક્યો. તેને તાંબાનો ચોપડો અને રૂપાની કલમ આપી. ભણી ગણીને પિઠોરો ઘરે આવ્યો. માતાની રજા લઈને દેશ-વિદેશ ફરવા નીકળ્યો. પવન વેગી ઘોડો અને ગુલાબી કામઠી લીધી. ફરતો-ફરતો તે કશ્મીરની રાણી કૂવે પાણી ભરતી હતી ત્યાં આવી પહોચ્યો. પિઠોરો ધકોડો (શિખાઉ તીર) મારીને તેનું માટલું ફોડી નાખે છે. (બીજી એક કથા અનુસાર પિઠોરાએ હરિબાઈનું માટલું ફોડી નાખ્યું હતું) રાણી પિઠોરાને ઠપકો આપતાં કહ્યું , 'તું મારું શાનુ વેર લે છે, તારો મામો ઇંદરાજ તો આખો ભાગ ખાય છે'.

પીઠોરા પોતાના મામાને શોધવા નીકળ્યો. ધાર,ઈન્દોર બધે ફરી વળ્યો. પણ મામો મળ્યો નહીં. મામો કરોળિયાનાં તાંતણે પીઠોરો સ્વર્ગમાં ચડ્યો. તેને મામાને લલકાર્યો. ઈંદરાજ ઉકરડામાં સંતાઈ ગયો. પિઠોરાએ હથેળી ચોરી અગ્નિ પ્રગટાવ્યો અને મામાને કહ્યું, કે બહાર આવ નહીં તો ઉકરડો સળગાવી દઈશ. મામાએ શરણાગતિ સ્વીકારી લીધી અને પીઠોરાને તેનો ભાગ આપવા માટે તૈયાર થઇ ગયો. પીઠોરાનું રંગીન ચિત્ર, સંપત્તિ,નાણુ વગેરે પીઠોરાના ભાગે આવ્યું. ઈન્દ્રરાજ ના ભાગે જંગલ અને બધી વનસ્પતિ આવી આમ મામા ભાણેજ ના ભાગ પડ્યા.

પીઠોરો હવે મોટો થઈ ગયો હતો. તેથી તેનું લગ્ન લેવાયું. પરંતુ તેનો બાપ કોણ તે હજી નક્કી ન હતું. ઇંદરાજ બધાં દેવી દેવતાઓની સભા બોલાવી અને તેના બાપને ઓળખી કાઢવા જણાવ્યું ત્યારે કંદુ રાણા તરફ સીધી આંગળી કરી. (બીજી એક કથા અનુસાર પીઠોરા કંદુરાણાનું નાખ ખેંચ્યું) આમ પિઠોરાની ઓળખાણ નક્કી થઈ ધામ ધૂમથી તેનું લગ્ન કાળી આશરની છોકરી પીઠોરી સાથે થયું અને તે બાબો પીઠોરો કહેવાયો બધા દેવોએ આ લગ્નમાં હાજરી આપી.

રાઠવા સમાજમાં પીઠોરો એક મહાનાયક તરીકે પૂજાય છે. કારણકે પીઠોરો એક માત્ર દેવ છે. જેને પોતાના મામા સાથે લડાઈ કરીને પોતાનો ભાગ મેળવ્યો હતો. પરંપરા પ્રમાણે આમ તો પિતાનો વારસો પુત્રને મળતો હોય છે, પરંતુ રાઠવાઓની કોઈ પણ કથામાં ઇન્દ્રરાજના કોઈ સંતાનની વાત આવતી નથી. એટલે પ્રશ્ન તો ઉપસ્થિત થાય છે કે તેનો વારસો કોને મળવો જોઈએ. આમ પણ પીઠોરો કાયદેસરનું સંતાન નથી અને ઇન્દ્રરાજના ડરથી કાળી કોયલે તેને ત્યજી દીધો હતો. જ્યાં સુધી પીઠોરા ઇન્દ્રરાજને પડકાર ના કર્યો ત્યાં સુધી તો ઇન્દ્રરાજને પણ ખબર ન હતી કે પીઠોરો તેનો જ સગો ભાણો થાય છે.પીઠોરો સાથે થયેલી લડાઈ માં ઇન્દ્રરાજ ની હાર થવાથી પીઠોરા ને ધન અને સંપત્તિ આપીને ઇન્દ્રરાજે સમાધાન કરવું પડ્યું.આમ એક મામા એ પોતાના ભાણાને ધન અને સંપત્તિ માંથી ભાગ આપવો પડ્યો જેની અસર રાઠવા સમાજ વ્યવસ્થા ઉપર પણ જોઈ શકાય છે. હજી પણ આ સમાજમાં ભાણા કે ભાણીની મોટાભાગની જવાબદારી મામાને ઉઠાવી પડતી હોય છે.અને જો બહેન મૃત્યુ થઈ જાય તો ભાણા કે ભાણીને ભણવાથી લઈને તેને પરણવા સુધીની જવાબદારી લેવી પડતી હોઇ છે. જેનો સીધો સંબંધ પિઠોરા અને ઇંદની કથા સાથે જોડાયેલો જોઈ શકાય છે.

રાઠવા આદિવાસીઓ આવો જ મહાનાયક એટલે કે પીઠોરો. પિઠોરોએ રાઠવાજાતિનો સમૃદ્ધિનો દેવ ગણાય છે. અને તેની ઉજવણી તેના પીઠોરી સાથે લગ્ન કરાવીને થાય છે . આમ તો ઘરમાં પડતી મુશ્કેલીઓના સમયે પીઠોરાની બાધા રાખવામાં આવે છે. પણ જરૂરી નથી કે તકલીફ હોય તો જ એની બાધા રાખવી. ઘણાં આર્થિક રીતે સંપન્ન લોકો પણ કોઈ પણ જાતની તકલીફ ન હોય તો પણ તેની ઉજવણી કરતા હોઈ છે.પિઠોરાની ઉજવણી કર્યા બાદ જે તે ઘરોમા તેના પ્રત્યેનું માન અને શ્રદ્ધા વધી જાય છે. એ તો સ્વાભાવિક છે. પરંતુ આસપાસ નાં ઘરોમાં પણ વાતાવરણ ઉત્સાહિત થઈ જાય છે. એટલું જ નહીં પરંતુ તે જેના ઘરે પિઠોરાની ઉજવણી થઈ હોય તેનું ગામમા અને સમાજમાં માન પાન પણ વધી જાય છે.રાઠવા જાતિની દરેક વ્યક્તિ સ્વપ્નુ હોય કે તેના ઘરે પોઠોરા ની પુજા ઉજવણી થાય .

**ઈંદ ઉત્સવ ના ગીતો :-**

(૧)

ઈંદી રાજ થાળી માં ચોખલીયા નાચે ( ૨)
ઈંદી રાજ થાળી માં દિવેલીયા નાચે (૨)
ઈંદી રાજ થાળી માં લિબેલિયો નાચે (૨)
ઈંદી રાજ થાળી ( ૨)
ઈંદી રાજ ઉકેળા માંથી નિમજીયા (૨)

(૨)

ઈંદ રાજ તમે પેણવા સુધરીયા ,સારી રીતે પેણજો (૨)
તમને ઓટીલે ચડશે, મેણુલો મારશે મોટોના ઈંદી
તમારી સાસરિયે નઈ જવું મોટોનો ઈંદી

(૩)

વાજો વાગે ભૈ ભલો વાગે
ઈંદ રાજ નો વાજો ભલો વાગે
ઑરો નમે કઈ પરો નમે,
મોટો નો ઈંદી ભલો રમે
ભલો રમે કઈ ભલો રમે
ઈંદ રાજ ની રોની પરો નમે

(૪)

એવી એવી મોનતા ક્યાં બળવે લીધી રે
એવી એવી મોનતા કેશા બળવે લીધી રે
એવી એવી મોનતા કુલસિંગ બાપાએ લીધી રે
એવી એવી મોનતા સવિતા માળીએ લીધી રે

**માહિતી સ્ત્રોત :-**

૧. રાઠવા સવિતાબેન કુલસિંગભાઈ, મુ.પો.ઝોઝ તા.જી છોટાઉદેપુર
૨. કૃણાલભાઈ યોગેશભાઈ માડમ, ખનીજ કમ્પાઉન્ડ, છોટાઉદેપુર.

૩. રાઠવા કાંતીબેન રુસલાભાઈ, મુ.પો.ઝોઝ તા.જી છોટાઉદેપુર.

૪. રાઠવા કેશા ભાઈ દામલા (બડવો), મુ.પો.ઝોઝ તા.જી છોટાઉદેપુર.

૫. રાઠવા નારણભાઈ ઈશ્વરભાઈ મુ.મણકા તા.જિ.છોટાઉદેપુર.

**<u>સંદર્ભો :-</u>**


૧. કેસૂડાં સંગ પાવાનો સૂર છોટાઉદેપુર: ભાવસિંહ રાઠવા સયુંકત માહિતી નિયામક

૨. વન બંધુનો વિકાસ સૂર છોટા ઉદેપુર: મહેશચંદ્ર કટારા સયુંકત માહિતી નિયામક

૩. છોટાઉદેપુર જિલ્લાના આદિવાસી સમાજોનો સાંકૃતિક અને માનવશાસ્ત્રીય આભ્યાસ
- સંકલન -સંપાદક : કાનજી પટેલ

૪. છોટાઉદેપુર જીલ્લાની હુન્નરકલા
- લેખન સંપાદન :નારણ યુ રાઠવા ,વિકેશ બી રાઠવા

૫. ગુજરાતના લોક નૃત્ય - માહિતી નિયામક, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- સંપાદન :- મેઘના ખારોડ